# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/069 Dt. 26/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા Shaping India's MMCF Growth Innovation, Planet, Partnership વિષે સેમિનાર યોજાયો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૮ જુલાઇ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે Shaping India's MMCF Growth Innovation, Planet, Partnership વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં બિરલા સેલ્યુલોસ–ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિ.ના ગૃપ એકઝીકયુટીવ પ્રેસિડેન્ટ શ્રી મનમોહન સિંઘે સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત દેશનું સૌથી મોટું સિન્થેટિક ટેક્ષ્ટાઇલ હબ છે, જ્યાં રોજિંદા લાખો મીટર કાપડનું ઉત્પાદન થાય છે. અહીંના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં યુવા ઉદ્યોગ સાહસિકો નવી ટેકનોલોજી અપનાવી રહ્યા છે અને પરંપરાગત ઉદ્યોગને આધુનિક બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ હવે માત્ર ગ્રે ફેબ્રિક કે પ્રોસેસિંગ સુધી મર્યાદિત રહ્યો નથી, પરંતુ તે હવે પ્રિન્ટિંગ, એમ્બ્રોઇડરી અને રેડીમેડ ગારમેન્ટસ સુધી વિસ્તાર પામી રહયો છે. સુરતનો ઉદ્યોગકારો નવી ટેકનોલોજી, ઈનોવેશન અને સસ્ટેનેબિલિટી તરફ આગળ વધી રહયા છે.

શ્રી મનમોહન સિંઘે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં કોઇ પણ ફાયબર અન્ય ફાયબરની જગ્યા લેશે નહીં. જે ફાયબર અવેલેબલ નહીં રહેશે તેની જગ્યા કોઇ બીજું ફાયબર લઇ લેશે. અત્યારે ભારતમાં કોટન બેઇઝ ઇન્ડસ્ટ્રી છે પણ કોટનની જગ્યા લેવા માટે વિસ્કોસ, મોડાલ જેવા ફાયબર છે, એમાં પોલિએસ્ટરનો પણ સમાવેશ થાય છે. વૈશ્વિક

કક્ષાની વાત કરીએ તો ૬૫ ટકા પોલિએસ્ટર છે, ૨૫થી ૩૦ ટકા કોટન છે અને ૬થી ૭ ટકા વિસ્કોસ છે. સુરતમાં આજે પણ કેટલાક વિવર્સ વોટરજેટ પર વિસ્કોસ બનાવી રહયા છે.

તેમણે જણાવ્યું હતું કે, લોકો હવે ફોર્મલ વેરથી કેઝયુઅલ વેરમાં જઇ રહયા છે અને લાઇટવેટ કપડા પહેરવાનું પસંદ કરી રહયા છે. આ બાબત હવે આગળ પણ કન્ટીન્યુ ચાલશે, કદાચ એવું બને કે આવનારા સમયમાં એનું પ્રમાણ વધશે. અત્યારે મેન મેઇડ સેલ્યુલોસિક ફાયબર ૧૧૦ મેટ્રિક ટનનું માર્કેટ છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં વધીને ૧૪૨ મેટ્રિક ટન થઇ જવાની સંભાવના છે. હાલ કોટન અને સિન્થેટિકનો જેટલો હિસ્સો છે એમાંથી કેટલોક હિસ્સો મેન મેઇડ સેલ્યુલોસિક ફાયબર લઇ લેશે. હાલમાં જેટલું કોટન અને સિન્થેટિક ઉપલબ્ધ છે એટલું વર્ષ ૨૦૩૦ સુધીમાં નહીં રહેશે તેથી તેની જગ્યા અન્ય કોઇ ફાયબર લઇ લેશે.

બિરલા સેલ્યુલોસ – ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના કેટેગરી હેડ શ્રી અંકુર થોરાટ તથા તેમની ટીમે મેન મેઇડ સેલ્યુલોસિક ફાયબર વિષે પ્રેઝન્ટેશન રજૂ કરી સુરતના ઉદ્યોગકારોને વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન તેમજ ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અતુલ પટેલે સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની યુથ વીંગ અને જેનનેકસ્ટ ૧૦૦ કમિટીના કો–ચેરમેન શ્રી પ્રતિક મેવાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.